શ્રી

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા સબ ડીસ્ટ્રીકટ વડોદરા-૫ (બાપોદ)ના મોજે કપુરાઇ તા. વડોદરાની સ્થાવર મીલકતનો વેચાણ દસ્તાવેજ ₹ .... /- અંકે .... રૂપીયા પુરાનો.

સંવત ૨૦૭૪ ના પોષ વદ .... ને .... વાર તા. ...... માહે ડિસેમ્બર સને ૨૦૧૮ ના દિને આ વેચાણ દસ્તાવેજ લખી લેનાર,

<u>પહેલા પક્ષવાળા :-</u>

.... જાતે હિન્દુ ઉ.વ. ...... આસરે ધંધો .... રે. .... જેમનો **PAN NO.** ______________ છે. જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં પહેલા પક્ષવાળા અથવા વેચાણ લેનાર કે તમો એ રીતે સંબોધવામાં આવશે. જે શબ્દના અર્થમાં તમો આ વેચાણ દસ્તાવેજ લખી લેનાર પહેલા પક્ષવાળા તથા પહેલા પક્ષવાળાના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, હોદેદારો, સકસેસરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર,

<u>બીજા પક્ષવાળા/મીલકતના માલીક :-</u>

પાર્શ્વ ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી, કે જેનો **PAN NO. AATFP 6326R** છે તેમજ તેની ઓફીસ દેવ રેસીડન્સી, દ્વારકેશ હાઇટસ્‌ની સામે, સન કલાસીકની પાસે, વાઘોડીયા-ડભોઇ રીંગ રોડ, વડોદરા એ ઠેકાણે આવેલી છે, તે પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી સંદિપ બાલકૃષ્ણ કંસારા જાતે હિન્દુ ઉ.વ. ૪૮ આસરે ધંધો વેપાર. જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજા પક્ષવાળા અથવા મીલકતના માલીક કે વેચાણ આપનાર કે અમો એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં અમો આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર બીજા પક્ષવાળાની ભાગીદારી પેઢી તથા તે ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના જે ભાગીદારો અસ્તિત્વમાં હોય તે તમામ ભાગીદારો તથા તે તમામ ભાગીદારોના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, હોદેદારો, સકસેસરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જત અમો બીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને આ વેચાણ દસ્તાવેજ લખી આપીએ

For PARSHWA DEVELOPERS

Partner

છીએ કે, અમો બીજા પક્ષવાળાની સ્વતંત્ર માલકી અને કબજા ભોગવટાની જમીન, કે જે મોજે ગામ કપુરાઇ તા. વડોદરાના રે.સર્વે નં. ૫૩૧ વાળી જમીન એટલે કે, ફાઇનલ પ્લોટ નં. ૪૬/૨ વાળી જમીનમાં આવેલ સબ પ્લોટ નં. એ-૧/૨૯, એ-૧/૩૦, એ-૧/૩૧, એ-૧/૩૨, એ-૧/૩૭, એ-૧/૩૮, એ-૧/૩૯ તથા એ-૧/૪૦ વાળી છે, તે જમીનમાં, **" દેવ રેસીડન્સી "** એ નામ રાખીને રહેણાંકના ફ્લેટો બાંધવાનું આયોજન અમો બીજા પક્ષવાળાએ કરેલું છે. તેમજ તેવી યોજનાની નોંધણી અમો બીજા પક્ષવાળાએ ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ {RERA} અંતર્ગત કરાવેલ છે, જેનો નોંધણી નં. .... છે. તેમજ સદર યોજનાની જમીન ઉપર બાંધવામાં આવનાર રહેણાંકના ફ્લેટો વેચવાનો તેમજ તેવા રહેણાંકના ફ્લેટો જેમને ફાળવવામાં આવ્યા હોય, તેઓની સાથે કરારો કરવાના તેમજ વેચાણ અવેજ સ્વીકારવા અમો બીજા પક્ષવાળા હક્કદાર હોઇ, સદર **" દેવ રેસીડન્સી "** એ નામ રાખીને આયોજન કરવામાં આવેલ યોજના પૈકી **'એ'** ટાવરના .... ફ્લોરમાં આવેલ ફ્લેટ નં. .... તમો પહેલા પક્ષવાળાને ઉચ્ચક ₹ .... /- અંકે .... રૂપીયામાં તા. .... ના રોજ, દ.નં. .... થી બાનાખત લખી આપી, વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જે વેચાણ અવેજના ₹ .... /- અંકે .... રૂપીયા, તમો પહેલા પક્ષવાળા પાસેથી અમો બીજા પક્ષવાળાને, આજદિન સુધીમાં ટુકડે ટુકડે ચેકથી મળી ગયેલ છે, જેની અમો બીજા પક્ષવાળાએ તમો પહેલા પક્ષવાળાને ઇલાયદી રસીદો પણ આપેલી છે. જેથી તે વેચાણ અવેજના રૂપીયાના બદલામાં, સદર નીચે વર્ણનમાં જણાવેલી સ્થાવર મીલકત, તમો પહેલા પક્ષવાળાને પ્રત્યક્ષ કબજા સાથે, કાયમને માટે, વેચાણ આપી, તમો પહેલા પક્ષવાળાના પ્રત્યક્ષ કબજે સોંપી છે, તેનું વર્ણન :-

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા સબ ડીસ્ટ્રીકટ વડોદરા-૫ (બાપોદ)ના મોજે કપુરાઇ તા. વડોદરામાં નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબની જમીનો આવેલી છે.

રે.સર્વે નં.	બ્લોક નં.	ક્ષેત્રફળ ચો.મી.માં
૫૩૧	૩૫૫/૧ પૈકી	૯૪૦૯
૫૩૨	૩૫૪ પૈકી	૪૧૪૮

For PARSHWA DEVELOPERS

Partner

૫૩૩	૩૫૫/૧	૪૧૪૮

એ રીતે ઉપર કોષ્ટકમાં જણાવ્યા મુજબની જમીનો આવેલી છે. જે સ્થળ ઉપર બીલકુલ બાજુ બાજુમાં આવેલી છે અને તેનું કુલ ક્ષેત્રફળ ચો.મી. ૧૭૭૦૫ થાય છે. સદર જમીનનો વડોદરા મહાનગર પાલિકાની પ્રપોઝ ટી.પી. સ્કીમ નં. ૪૦ માં સમાવેશ થતાં, તેને ફાઇનલ પ્લોટ નં. ૪૫/૨, ૪૬/૧ તથા ૪૬/૨ ફાળવેલ છે. સદર ત્રણેવ જમીનના એકત્ર નકશા, વડોદરા મહાનગર પાલિકામાં, રજાચિઠ્ઠી નં. વોર્ડ-૩, એલ-૨૦૮/૨૦૧૦-૨૦૧૧ તા. ૨૭-૧-૨૦૧૧ ના રોજ તેમજ રીવાઇઝ રજાચિઠ્ઠી નં. વોર્ડ-૩, એલ-૨૧/૨૦૧૫-૨૦૧૬ તા. ૩-૬-૨૦૧૫ ના રોજ મંજુર કરાવીને, રે.સર્વે નં. ૫૩૧ વાળી આખી જમીન તથા રે.સર્વે નં. ૫૩૨ વાળી જમીનની દક્ષિણ દિશા તરફની ૨૫૮૯.૬૬ ચો.મી. ક્ષેત્રફળવાળી જમીનમાં, 'સન કલાસીક' એ નામ રાખીને રહેણાંકના ફલેટો તથા મકાનો બાંધવાનું આયોજન કરવામાં આવેલું છે. તે પૈકી રે.સર્વે નં. **૫૩૧ વાળી જમીન** એટલે કે, ફાઇનલ પ્લોટ નં. **૪૬/૨** વાળી જમીનમાં આવેલ સબ પ્લોટ નં. **એ-૧/૨૯, એ-૧/૩૦, એ-૧/૩૧, એ-૧/૩૨, એ-૧/૩૭, એ-૧/૩૮, એ-૧/૩૯** તથા **એ-૧/૪૦** (કુલ-૮ પ્લોટો) અમો બીજા પક્ષવાળાની માલીકીના છે. જેનું એકત્ર ક્ષેત્રફળ **ચો.મી. ૭૭૩.૫૧** છે. તેમજ સદર પ્લોટોને વરાડે આવતી કોમન રસ્તાની વણવહેંચાએલી જમીનનું ક્ષેત્રફળ **ચો.મી. ૨૧૬.૧૪** છે. તેમજ સદર પ્લોટોને વરાડે આવતી કોમન પ્લોટની વણવહેંચાએલી જમીનનું ક્ષેત્રફળ **ચો.મી.** ૯૩.૧૯ છે. જેનું કુલ જમીનનું ક્ષેત્રફળ **ચો.મી. ૧૦૮૨.૮૪** થાય છે. તેમજ તે અમો બીજા પક્ષવાળાની માલીકીની જમીનમાં બાંધકામ કરવા માટે, અમો બીજા પક્ષવાળાએ વડોદરા મહાનગર પાલિકામાં રજાચિઠ્ઠી નં. વોર્ડ-૩, એલ-૧૭૮/૨૦૧૬-૨૦૧૭ તા. ૬-૨-૨૦૧૭ ના રોજ નકશા મંજુર કરાવીને, " **દેવ રેસીડન્સી** " એ નામ રાખીને કુલ-૨ (બે) ટાવર એટલે કે, **'ટાવર-૧'** તથા **'ટાવર-૨'** બાંધવાનું આયોજન કરેલું છે. જે પૈકી **'ટાવર-૧'** સ્થળ ઉપર, **'એ-ટાવર'** થી ઓળખાય છે અને **'ટાવર-૨'** સ્થળ ઉપર, **'બી-ટાવર'** થી ઓળખાય છે અને તેથી તે બંન્નેવ ટાવર આ વેચાણ દસ્તાવેજમાં, **'એ'** ટાવર તથા **'બી'** ટાવર એ રીતે સંબોધવામાં આવશે. તે પૈકી **'એ'** ટાવરના .... ફલોરમાં આવેલ ફલેટ નં. .... તમો પહેલા પક્ષવાળાને આથી વેચાણ આપ્યો છે. સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફલેટનો ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ)

For PARSHWA DEVELOPERS

Partner

એક્ટ, ૨૦૧૬ (RERA) મુજબનો કારપેટ એરીયા ચો.મી. .... છે તેમજ તેનું બાંધકામનું ક્ષેત્રફળ ચો.મી. .... છે. તેમજ સદર ફ્લેટને વરાડે આવતી, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાની વણ વહેંચાએલી જમીનનું ક્ષેત્રફળ ચો.મી. .... છે. તેમજ સદર ફ્લેટને વરાડે આવતી કોમન રસ્તાની વણવહેંચાએલી જમીનનું ક્ષેત્રફળ ચો.મી. .... છે. તેમજ સદર ફ્લેટને વરાડે આવતી કોમન પ્લોટની વણવહેંચાએલી જમીનનું ક્ષેત્રફળ ચો.મી. .... છે. સદર ફ્લેટ આર.સી.સી.ના ધાબાવાળો છે. વેચાણવાળા ફ્લેટની ચતુઃ સીમા :-

પુર્વે :-

પશ્ચિમે :-

ઉત્તરે :-

દક્ષિણે :-

સદર ઉપર વર્ણનમાં જણાવેલ રે.સર્વે નં. ૫૩૧, બ્લોક નં. ૩૫૫/૧ પૈકીવાળી જમીન રહેણાંક ઝોનમાં આવેલ છે અને તેનો બીન ખેતીનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવા માટે, વડોદરાના કલેક્ટર સાહેબશ્રી તરફથી તેમના હુકમ ક્રમાંકઃ એન.એ./એસ.આર./૩૨/૨૦૦૩-૨૦૦૪ નં. જમીન/ડી/વશી/૩૦૧/૨૦૦૪ તા. ૨૫-૨-૨૦૦૪ ના રોજથી પરવાનગી મળેલી છે.

એ રીતેની વિગતવાળો 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના 'એ' ટાવરના .... ફ્લોરમાં આવેલ ફ્લેટ, તેમાં જવા આવવાના રસ્તા, પાણીના નીકાલ સાથે, તેને લાગતા વળગતા તમામ પ્રકારના હક્ક સંબંધ સાથે, તમો પહેલા પક્ષવાળાને, પ્રત્યક્ષ કબજા સાથે, કાયમને માટે, યાવત્ચંદ્ર દીવાકર પર્યંત વેચાણ આપી, તમો પહેલા પક્ષવાળાના પ્રત્યક્ષ કબજે સોંપેલ છે. જેથી સદર મીલકત ઉપર અમો બીજા પક્ષવાળા તથા અમો બીજા પક્ષવાળાના વંશ, વારસોનો કોઇપણ પ્રકારનો હક્ક દાવો રહયો નથી. તમો પહેલા પક્ષવાળા તથા તમો પહેલા પક્ષવાળાના વંશ, વારસોનો સંપૂર્ણ હક્ક છે. જેથી સદર મીલકત ગીરો, વેચાણ, બક્ષીસ વિગેરે કરવા તથા તમો પહેલા પક્ષવાળાની મરજી મુજબ ઉપભોગ, ઉપયોગ કરવા તમો પહેલા પક્ષવાળા તથા તમો પહેલા પક્ષવાળાના વંશ, વારસો મુખત્યાર છો.

સદર મીલકત અમો બીજા પક્ષવાળાએ બીજા કોઇને ત્યાં કોઇપણ પ્રકારે લખી આપી જોખમમાં નાખેલી નથી. બીન જોખમી છે અને તેના ટાઇટલ્સ કલીયર અને માર્કેટેબલ છે, એવો તમો

For PARSHWA DEVELOPERS

Partner

પહેલા પક્ષવાળાને પાકો ભરોસો અને વિશ્વાસ આપી, વેચાણ આપી છે. તેમ તેના ઉપર અમો બીજા પક્ષવાળા સીવાય બીજા કોઇ ભાઇ, ભાગીદાર, ગીરોદાર, હીસ્સેદાર, દાવેદાર, લેણદાર, વારસદાર વિગેરેનો હક્ક સંબંધ નથી. તેમજ તે કોઇની જપ્તી, જામીનગીરીમાં કે કોઇની ટાંચમાં લખી આપેલી નથી. છતાં હરકતો થાય તો, તે હરકતો અમો બીજા પક્ષવાળા અમારા પોતાના ખર્ચે દુર કરાવી આપીશું.

સદર મીલકતના વડોદરા મહાનગર પાલિકાના વેરા તથા ઇતર સરકારી વેરા વિગેરે કાંઇ ભરવાના બાકી નથી. છતાં બાકી નીકળશે તો અમો બીજા પક્ષવાળા ભરીશું. હવેથી તમો પહેલા પક્ષવાળાએ ભરવાના છે. સદર મીલકત વડોદરા મહાનગર પાલિકામાં તથા ગામ તલાટી દફતરે ગામ નમુના નં. ૭ ના ઉતારામાં તથા વડોદરા સીટી સર્વે કચેરીમાં તથા અન્ય સરકારી તથા અર્ધ સરકારી કચેરીઓમાં આ વેચાણ દસ્તાવેજના આધારે, તમો પહેલા પક્ષવાળા તમારા નામે કરાવી લેવા મુખત્યાર છો. તેમાં અમો બીજા પક્ષવાળાની સહી, સંમતીની કે કબુલાતની જરૂર પડે આપવા અમો બીજા પક્ષવાળા બંધાએલા છીએ.

આ વેચાણ દસ્તાવેજથી તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો અમો બીજા પક્ષવાળાએ તમો પહેલા પક્ષવાળાને આજરોજે સોંપી દીધો છે, જે તમો પહેલા પક્ષવાળાએ સંભાળી લીધેલો છે. જેથી કરીને, અમો બીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને આથી પાકો ભરોસો અને વિશ્વાસ આપીએ છીએ કે, આજ તારીખથી વર્ષ–૫ (પાંચ) વર્ષની અંદર, સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ મીલકતના ફ્રેમ સ્ટ્રક્ચરમાં જો કોઇપણ પ્રકારની ખામી અથવા તો, વાપરેલ મટીરીયલની ગુણવતામાં જો કોઇ ખામી પુરવાર થાય તો, તેવે સંજોગે, સદર યોજના અંગે રોકેલ સ્ટ્રક્ચર એન્જીનીયર તથા આર્કીટેકની સલાહ મુજબ, તે તમામનું રીપેરીંગ અમો બીજા પક્ષવાળા અમારા પોતાના ખર્ચે તમો પહેલા પક્ષવાળાને કરી આપવા આથી બંધાએલા છીએ. પરંતું, જે ખામીઓ માટે અમો બીજા પક્ષવાળાને જવાબદાર ઠરાવી શકાય તેમ ન હોય અથવા તો, અમો બીજા પક્ષવાળાના નિયંત્રણ બહાર હોય એવી કોઇપણ માળખાગત (સ્ટ્રક્ચરલ ડીફેક્ટ) અથવા કારીગરી, ગુણવતા સંદર્ભમાં રહેલી ખામી માટે, અમો બીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને વળતર ચુકવવા માટે બંધનકર્તા રહીશું નહી અને તે શરત પણ તમો પહેલા પક્ષવાળાને કબુલ, મંજુર અને બંધનકર્તા હોઇ, તે શરતને આધીન રહીને જ, સદર ઉપર વર્ણનમાં જણાવેલી મીલકત તમો પહેલા પક્ષવાળાએ વેચાણ રાખેલ છે.

For PARSHWA DEVELOPERS

Partner

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટ, 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનામાં આવેલ હોવાથી તેમજ સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજના, 'સન કલાસીક' એ નામે ઓળખાતી યોજનામાં આવેલ હોવાથી, તે 'સન કલાસીક' એ નામે ઓળખાતી યોજનાના મંજુર કરેલા નકશામાં જે ૭.૫ મીટર પહોળા આંતરીક રસ્તા દર્શાવેલા છે, તે આંતરીક રસ્તાનો વાપર, ઉપભોગ, ઉપયોગ, તમો પહેલા પક્ષવાળાએ, સદર 'સન કલાસીક' એ નામે ઓળખાતી યોજનાના તમામ સભાસદોએ એટલે કે, તમામ મકાનો; 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના તમામ સભાસદો **તેમજ 'બી–૧', 'બી–૨', 'બી–૩', 'બી–૪'** તથા **'સી'** ટાવરના તમામ ફ્લેટ માલીકો સાથે સહીયારી રીતે કરવાનો રહેશે. તેમજ સદર ૭.૫ મીટર પહોળા આંતરીક રસ્તામાંથી વાહન વિગેરે લઇ જવા–લાવવાના તેમજ તે રસ્તામાં નાખેલ પાણીના નળની તેમજ ઇલેક્ટ્રીક લાઇટની તેમજ તાર–ટેલીફોનની તેમજ ગટરની મુખ્ય લાઇનોમાંથી કનેક્શનો લેવાના હક્કો તમામ માલીકોના રહેશે અને તે મુજબ તમો પહેલા પક્ષવાળા પણ તેવા તમામ કનેક્શનો લેવા માલીક હક્કદાર રહેશો. તેમજ તે આંતરીક રસ્તા અંગેના જે કાંઇ વેરા, ટેક્ષ તથા સાફસુફીનો ખર્ચ આવે, તેમાં તમો પહેલા પક્ષવાળાએ, તમારા વરાડે આવતા ક્ષેત્રફળના પ્રમાણમાં, વરાડે પડતો ફાળો આપવાનો રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટ, 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનામાં આવેલ હોવાથી તેમજ સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજના, 'સન કલાસીક' એ નામે ઓળખાતી યોજનામાં આવેલ હોવાથી, તે 'સન કલાસીક' એ નામે ઓળખાતી યોજનાના મંજુર કરેલા નકશામાં જે કોમન પ્લોટ દર્શાવેલો છે, તે કોમન પ્લોટનો તેમજ તેમાં આવેલ કલબ હાઉસનો વાપર, ઉપભોગ, ઉપયોગ તમો પહેલા પક્ષવાળાએ, સદર 'સન કલાસીક' એ નામે ઓળખાતી યોજનાના તમામ સભાસદોએ એટલે કે, તમામ મકાનો; 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના તમામ સભાસદો **તેમજ 'બી–૧', 'બી–૨', 'બી–૩', 'બી–૪'** તથા **'સી'** ટાવરના તમામ ફ્લેટ માલીકો સાથે સહીયારી રીતે કરવાનો રહેશે. તેમજ તે કોમન પ્લોટ અંગેનો તેમજ તેમાં આવેલ કલબ હાઉસના જે કાંઇ વેરા, ટેક્ષ તથા સાફસુફીનો ખર્ચ આવે, તેમાં તમો પહેલા પક્ષવાળાએ, તમારા વરાડે આવતા ક્ષેત્રફળના પ્રમાણમાં, વરાડે પડતો ફાળો આપવાનો રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટ જે યોજનામાં આવેલ છે, તે આખી યોજનાનું નામ, **" દેવ રેસીડન્સી "** આપેલું છે અને તે કાયમ રાખવાનું છે.

For PARSHWA DEVELOPERS

Partner

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટ, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાની **'બી'** ટાવર અંગેની કોઈપણ કોમન ફેસીલીટીઝ તથા એમીનીટીઝમાં તમો પહેલા પક્ષવાળાનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક કે હિસ્સો રહેશે નહી અને તે શરત તમો પહેલા પક્ષવાળાને કબુલ, મંજુર અને બંધનકર્તા હોઇ, તે શરતને આધીન રહીને જ, સદર મીલકત તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખ્યો છે.

સદર આખી 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના દરેક ટાવર એટલે કે, **'એ'** ટાવર તથા **'બી'** ટાવર બંન્નેવ માટે ઈલાયદી લીફ્ટ; દાદર; કોમન પેસેજ; ગ્રાઉન્ડ ફલોરમાં કોમન પાર્કીંગની ખુલ્લી જગ્યા; કોમન પાણીની લાઇનો તથા કોમન ડ્રેનેજ લાઇન; કોમન લાઇટ ફીટીંગ; અંડર ગ્રાઉન્ડ તેમજ ઓવરહેડ પાણીની ટાંકીઓ; સબ મર્સીબલ પંપ સાથેનો પાણીનો બોર વિગેરે સુવિધાઓ અમો બીજા પક્ષવાળા કરી/બનાવીને આપવાના છીએ. તેમજ તે તમામ સુવિધાઓને મેન્ટેનન્સ કરવા માટે તેમજ તે તમામ સુવિધાઓનો સરકારી તથા અર્ધસરકારી વેરાઓ તેમજ ઇલેક્ટ્રીક લાઇટ બીલ ભરવા તેમજ તે અંગેનો ઇતર તમામ વહીવટ કરવા અંગે, સદર આખી 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવર તથા **'બી'** ટાવરના તમામ ફ્લેટોના માલીકો માટે જુદા જુદા એટલે કે, ઈલાયદા મંડળ/એસોસીએશનની રચના કરવાની રહેશે અને તે રચાએલ મંડળ/એસોસીએશનના તમો પહેલા પક્ષવાળાએ, તમો પહેલા પક્ષવાળાને લાગુ પડતાં મંડળ/એસોસીએશનના ફરજીયાત મેમ્બર થવાનું રહેશે અને વરાડે આવતી રકમ આપવાની રહેશે અને તે શરતને આધીન રહીનેજ, સદર ફ્લેટ તમો પહેલા પક્ષવાળાને આથી વેચાણ આપ્યો છે. તેમજ તે રચાયેલ મંડળ/એસોસીએશનના તમામ સભાસદો પાસેથી ઉઘરાવેલ મેમ્બરશીપ ફીમાંથી, સદર ઉપરોકત જણાવેલ તમામ ફેસીલીટીઝ તથા એમીનીટીઝનું મેન્ટેનન્સ કરવાનું રહેશે તેમજ તેના તમામ વેરા તથા ઇલેક્ટ્રીક લાઇટ બીલ પણ તેમાંથીજ ભરવાના રહેશે. તેમજ ભવિષ્યમાં જો સદર રકમ ઉપરોક્ત જણાવેલ ફેસીલીટીઝ તથા એમીનીટીઝને મેન્ટેન કરવા માટે ઓછી પડે તો, તેવે સંજોગે દરેક મેમ્બરે પોતાના હિસ્સે આવતી રકમ આપવાની રહેશે અને તે પ્રમાણે તમો પહેલા પક્ષવાળાએ પણ તમારા હિસ્સે આવતી રકમ ફરજીયાત આપવાની રહેશે અને તે શરતને આધીન રહીનેજ, સદર મીલકત તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખેલ છે.

For PARSHWA DEVELOPERS

Partner

સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાની સામુહીક સવલતોનું રીપેર, મેન્ટેનન્સ કરવા અંગે જ્યારે અમો બીજા પક્ષવાળા મંડળ/એસોસીએશનની રચના કરીએ ત્યારે, તમો પહેલા પક્ષવાળાએ તેમાં ફરજીયાતપણે સભાસદ થવાનું રહેશે તેમજ તેવા સભ્યપદ માટેની અરજી તેમજ રચવામાં આવનાર મંડળ/એસોસીએશનની નોંધણી માટેના જરૂરી દસ્તાવેજોમાં, જ્યારે પણ અમો બીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને સહીઓ કરી આપવા માટેની જાણ કરીએ, તે દિવસથી દિન-૭ (સાત) દિવસની અંદર, તમો પહેલા પક્ષવાળાએ વિના વિલંબે, તેવી તમામ સહીઓ અમો બીજા પક્ષવાળાને કરી આપવાની રહેશે અને તે શરતને આધીન રહીને જ, સદર ઉપર વર્ણનમાં જણાવેલ સ્થાવર મીલકત તમો પહેલા પક્ષવાળાએ વેચાણ રાખેલ છે. તેમજ તેવા ભવિષ્યમાં રચવામાં આવનાર મંડળ/એસોસીએશનની જ્યાં સુધી રચના કરવામાં ના આવે ત્યાં સુધી, તમો પહેલા પક્ષવાળાએ અમો બીજા પક્ષવાળાને, સદર તમામ સુવિધાઓનું રીપેર, મેન્ટેનન્સ કરવા અર્થે તેમજ તેના સરકારી તથા અર્ધસરકારી વેરા વિગેરે ભરવા માટે, તમો પહેલા પક્ષવાળાના ફાળે અને હિસ્સો આવતી રકમ, વિના વિલંબે ચુકવવાની રહેશે, જે આ વેચાણ દસ્તાવેજની એક મુખ્ય શરત છે અને તે શરતને આધીન રહીને જ, સદર ઉપર વર્ણનમાં જણાવેલ સ્થાવર મીલકત તમો પહેલા પક્ષવાળાએ વેચાણ રાખેલ છે.

સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાની સામુહીક સવલતો જેમ કે, કોમન આંતરીક રસ્તા તેમજ કોમન પ્લોટ વિગેરેની માલીકી અમો બીજા પક્ષવાળા જ્યાં સુધી, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજના અંગે રચાએલ મંડળ/એસોસીએશનને સુપ્રત કરીએ નહી ત્યાં સુધી, તેની સંપૂર્ણપણે માલીકી ફક્ત અમો બીજા પક્ષવાળાની રહેશે. પરંતું, સદર ઉપર વર્ણનમાં જણાવેલી મીલકતનો પ્રત્યક્ષ કબજો તમો પહેલા પક્ષવાળાને આજરોજે સોંપી દીધેલ હોવાના કારણોસર, તેવી તમામ સવલતો, તમો પહેલા પક્ષવાળાને બીજા અન્ય માલીકો સાથે સહીયારી રીતે વાપર, ઉપભોગ, ઉપયોગ કરવાનો હક્ક અને અધિકાર રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફલેટ, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર **'એ'** ટાવરની નીચેની જમીનમાં, તમો પહેલા પક્ષવાળાનો, તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ મીલકતના ક્ષેત્રફળના પ્રમાણમાં, વગર વહેંચાયેલો સહીયારો હીસ્સો રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફલેટ, સદર 'દેવ રેસીડન્સી' એ નામે

For PARSHWA DEVELOPERS

Partner

ઓળખાતી યોજનાના 'એ' ટાવરમાં આવેલ હોવાથી, સદર 'એ' ટાવરવાળી આખી મીલકતને કોઈપણ પ્રકારનું નુકશાન થાય તો, સદર 'એ' ટાવરના દરેક માલીકોએ પોતાના ભાગમાં, પોતાના ખર્ચે બાંધકામ અથવા સમારકામ કરી લેવાનું રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટ, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના 'એ' ટાવરમાં આવેલ હોવાથી, સદર 'એ' ટાવરમાં જવા આવવાનો રસ્તો; દાદર; કોમન પેસેજ; કોમન પાણીની લાઈનો તથા કોમન ડ્રેનેજ લાઈન; કોમન લાઈટ ફીટીંગ; અંડર ગ્રાઉન્ડ તેમજ ઓવરહેડ પાણીની ટાંકીઓ; સબ મર્સીબલ પંપ સાથેનો પાણીનો બોર વિગેરે જે સુવિધાઓ કરવામાં આવે, તેનો વાપર, ઉપભોગ, ઉપયોગ તમો પહેલા પક્ષવાળાએ, સદર 'એ' ટાવરના બીજા અન્ય ફ્લેટ માલીકો સાથે, સદર 'એ' ટાવરના તમામ ફ્લેટોના માલીકો માટે રચાએલ મંડળ/એસોસીએશનના નીતિ નિયમો પ્રમાણે સહીયારી રીતે કરવાનો રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટ, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના 'એ' ટાવરમાં આવેલ હોવાથી, સદર 'એ' ટાવરના ફ્રેમ સ્ટ્રક્ચરમાં તથા બહારના એલીવેશનમાં તથા એલીવેશનના કલરમાં, તમો પહેલા પક્ષવાળા કોઈપણ જાતનો ફેરફાર કરી શકશો નહી, એવી સ્પષ્ટ બાંહેધરી તમો પહેલા પક્ષવાળા અમો બીજા પક્ષવાળાને આથી આપો છો. તેમજ સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટની બહારની બાજુમાં, તમો પહેલા પક્ષવાળા કોઈપણ જાતની પ્રોજેકશન આઈટમ લગાડી શકશો નહી.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટ, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના 'એ' ટાવરમાં આવેલ હોવાથી, સદર 'એ' ટાવરના કોમન પેસેજ, દાદર, ઓ.ટી.એસ. તથા અન્ય કોમન સુવિધાઓનો ઉપયોગ, જે તે હેતુ માટે સુવિધાઓ બનાવેલી છે, તેજ હેતુ માટે કરવાનો છે. કોમન પેસેજ તથા દાદરની તેમજ ઓ.ટી.એસ.ની જગ્યામાં, તમો પહેલા પક્ષવાળાએ કોઈપણ પ્રકારનો સામાન મુકવાનો નથી કે તેને કાચું કે પાકું બાંધકામ કરીને, તમો પહેલા પક્ષવાળા આંતરી શકશો નહી.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટ, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના 'એ' ટાવરમાં આવેલ હોવાથી, સદર 'એ' ટાવરની ઉપરની અગાસી આ ટાવરમાં રહેતા તમામ ફ્લેટ માલીકોની સહીયારી રહેશે. પરંતુ, ભવિષ્યમાં બાકી રહેલી એફ.એસ.આઈ. મુજબ,

For PARSHWA DEVELOPERS

Partner

અમો બીજા પક્ષવાળાને, અગર વડોદરા મહાનગર પાલિકા તરફથી, જો વધારાની બાંધકામ કરવાની પરવાનગી મળે અને અગર અમો બીજા પક્ષવાળા તે વધારાનું બાંધકામ પાછળથી કરીએ તો, તેમાં તમો પહેલા પક્ષવાળાએ સ્વતંત્ર રીતે અગર તો, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના બીજા અન્ય માલીકો સાથે ભેગા મળીને, કોઇપણ જાતનો વાંધો કે હરકત કે અડચણ કરવાની નથી અને તેવી સ્પષ્ટ સમજુતી સાથેજ, સદર ફલેટ તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખ્યો છે. તેમજ અમો બીજા પક્ષવાળા તે વધારાનું બાંધકામ જ્યારે કરીએ ત્યારે, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં જે જે સુવિધાઓ ઉપલબ્ધ છે, તેનો ઉપયોગ કરવા અમો બીજા પક્ષવાળા માલીક હક્કદાર રહીશું.

સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરની ઉપરની અગાસીમાં હાલમાં, સદર આખા બીલ્ડીંગના પાણીનો વાપર, ઉપભોગ, ઉપયોગ માટે પાણીની ટાંકી બનાવેલી છે. જેથી કરીને, ભવિષ્યમાં, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરની ઉપરની અગાસીમાં અમો બીજા પક્ષવાળા ભવિષ્યમાં વધારાનું બાંધકામ કરીએ ત્યારે, તે નવીન થયેલ બાંધકામની ઉપર જે ખુલ્લી અગાસી આવે, તે ખુલ્લી અગાસીમાં અમો બીજા પક્ષવાળાએ, સદર આખા બીલ્ડીંગના પાણીનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવા માટે પાણીની ટાંકી બનાવવાની રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફલેટ, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર **'એ'** ટાવરના ગ્રાઉન્ડ ફલોરમાં જે પાર્કીંગની ખુલ્લી જગ્યા આવેલી છે, તે પાર્કીંગની ખુલ્લી જગ્યામાં તમો પહેલા પક્ષવાળાને, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી આખી યોજનાના 'એ' ટાવરના તમામ ફલેટોના માલીકો સાથે, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના 'એ' ટાવરના તમામ ફલેટોના માલીકો માટે રચાએલ મંડળ/એસોસીએશનના નીતિ નિયમો મુજબ સહીયારી રીતે વાહનનું પાર્કિંગ કરવાનો હક્ક રહેશે. તેમજ સદર પાર્કિંગવાળી ખુલ્લી જગ્યામાં, તમો પહેલા પક્ષવાળા સ્વતંત્ર રીતે અથવા તો, સદર **'એ'** ટાવરના બીજા તમામ ફલેટોના માલીકો સાથે ભેગા મળીને કોઇપણ પ્રકારનું કાચું કે પાકું બાંધકામ કરી શકશો નહી કે ગંદકી કરી શકશો નહી તેમજ કોઇને અડચણ થાય તેવી રીતે વાહનનું પાર્કિંગ કરી શકશો નહી. તેમજ સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના 'એ' ટાવરના આખા પાર્કિંગ પ્લેસનો જે કાંઇપણ સાફસુફીનો ખર્ચ થાય તેમજ તેના મેન્ટેનન્સનો જે કાંઇપણ ખર્ચ થાય તથા જે કાંઇપણ

For PARSHWA DEVELOPERS

Partner

સરકારી વેરા કે ઈલેક્ટ્રીક લાઈટ બીલ આવે તેમાં, તમો પહેલા પક્ષવાળાએ, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના મંડળ/એસોસીએશના નક્કી કરેલા નીતી નિયમો પ્રમાણે, તેમાં વરાડે પડતો હિસ્સો આપવાનો રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટ, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર **'એ'** ટાવરમાં જે લીફ્ટની સુવિધા કરવામાં આવે, તેનો વાપર, ઉપભોગ, ઉપયોગ તમો પહેલા પક્ષવાળાએ, સદર **'એ'** ટાવરના તમામ ફ્લેટોના માલીકો સાથે, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના તમામ ફ્લેટોના માલીકો માટે રચાએલ મંડળ/એસોસીએશના નીતિ નિયમો પ્રમાણે સહીયારી રીતે કરવાનો રહેશે. તેમજ સદર લીફ્ટનો રીપેરીંગ મેન્ટેનન્સ ખર્ચ, ઈલેક્ટ્રીક લાઈટ બીલ, લીફ્ટ મેનનો પગાર તથા ઈતર તમામ જે કાંઈપણ ખર્ચ થાય તેમાં તમો પહેલા પક્ષવાળાએ, સદર 'દેવ રેસીડન્સી' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના તમામ ફ્લેટોના માલીકો માટે રચાએલ મંડળ/એસોસીએશના નક્કી થયેલ નીતિ નિયમો મુજબ, વરાડે પડતો ફાળો આપવાનો રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટના ઉપરના સ્લેબને કોઈપણ કારણોસર નુકશાન થાય તો, તમો પહેલા પક્ષવાળાએ અને ઉપરવાળા માલીકે સહીયારા ખર્ચે રીપેરીંગ કરાવવાનું રહેશે. તે જ પ્રમાણે, સદર ફ્લેટના નીચેના સ્લેબને પણ કોઈપણ કારણોસર નુકશાન થાય તો, તમો પહેલા પક્ષવાળાએ અને નીચેવાળા માલીકે સહીયારા ખર્ચે રીપેરીંગ કરાવવાનું રહેશે.

સદર મીલકતના વેચાણ દસ્તાવેજ કરાવવા અંગેનો સ્ટેમ્પ ડ્યુટીનો તેમજ નોંધણી ફી નો ખર્ચ જે થાય તે બધો તમો પહેલા પક્ષવાળાએ ભોગવવાનો છે. તેમજ ભવિષ્યમાં સ્ટેમ્પ એક્ટની જોગવાઈઓ મુજબ, સદર મીલકત અંગે વધારાની ખુટતી સ્ટેમ્પ ડ્યુટીના જે કોઈપણ પૈસા ભરવાના આવે, તે ભરવાની જવાબદારી પણ તમો પહેલા પક્ષવાળાની છે. તેમજ સદર મીલકત વેચાણ લેવા સારૂ જે કાંઈપણ ગુડસ્ એન્ડ સર્વિસ ટેક્ષ (જી.એસ.ટી.), ટી.ડી.એસ. અથવા તો ઈતર બીજો કોઈપણ સરકારી ટેક્ષ ભરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો, તેવે સંજોગે તેવા ભરવાના થતાં તમામ ટેક્ષના નાણાં પણ, અમો બીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળા પાસેથી જ્યારે પણ માંગીએ ત્યારે, તમો પહેલા પક્ષવાળાએ તે ઈલાયદા આપવાના રહેશે. તેમજ સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટ અંગે ઈલેક્ટ્રીક લાઈટનું કનેક્શન મેળવવા માટે, જે કાંઈપણ નાણાં એમ.જી.વી.સી.એલ.માં ભરવાના

For PARSHWA DEVELOPERS

Partner

પાન–

દી રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૦૮ ની કલમ–૩૨ એ અન્વયે મુજબનું સીડ્યુઅલઃ–

અનુ. નંબર	નામ તથા સહી	ફોટો	ડાબાહાથના અંગુઠાનું નિશાન
(૧)	(શ્રી સંદિપ બાલકૃષ્ણ કંસારા)		
(૨)	( )		

For PARSHWA DEVELOPERS

Partner

પાન–

દસ્તાવેજ નંબર .... તા. ....

// પરીશીષ્ટ //

નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબનું ચેકલીસ્ટ.

અ.નં.	પ્રશ્ન	જવાબ (હા કે ના)
લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુ. મુ. ને પુછવાના પ્રશ્નો :		
૧.	લેખમાં દર્શાવ્યા મુજબ મોજે કપુરાઇ ગામના રે.સર્વે નં. ૫૩૧, બ્લોક નં. ૩૫૫/૧ પૈકી, પ્રપોઝ ટી.પી. સ્કીમ નં. ૪૦ ના ફાઇનલ પ્લોટ નં. ૪૬/૨ વાળી જમીનમાં આવેલ **'દેવ રેસીડન્સી'** એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના .... ફલોરમાં આવેલ ફલેટ નં. .... નો વેચાણ દસ્તાવેજનો લેખ કરી આપેલ છે?	હા
૨.	લેખમાં દર્શાવ્યા મુજબ ફલેટનું બાંધકામનું ક્ષેત્રફળ ચો.મી. .... છે, તે માટે લેખ કરી આપેલ છે?	હા
૩.	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે?	હા
૪.	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો?	હા
૫.	પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે?	લાગુ પડતું નથી.
૬.	પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યક્તિ/ઓએ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે?	લાગુ પડતું નથી.
૭.	પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે?	લાગુ પડતું નથી.
૮.	ઓળખાણ આપવા સાક્ષ્રી તમને ઓળખતા હોય તેવી વ્યક્તિઓ સાથે લાવ્યા છો?	હા
ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો :		
૧	દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિ/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો?	હા
૨	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યક્તિ/ઓ એક જ છે?	હા
૩	કોઇ વ્યક્તિએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો?	હા

લખી આપનાર/સંમતિ આપનાર/કુ.મુ.ની સહી

ઓળખાણ આપનારની સહી

....

(શ્રી સંદિપ બાલકૃષ્ણ કંસારા)

....

(સહી)

સબ રજીસ્ટ્રાર : ....

For PARSHWA DEVELOPERS

Partner

આવે, તેવા નાણાં પણ તમો પહેલા પક્ષવાળાએ, અમો બીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળા પાસેથી જ્યારે પણ માંગીએ ત્યારે, તમો પહેલા પક્ષવાળાએ તે ઈલાયદા આપવાના રહેશે.

આ વેચાણ દસ્તાવેજ અમો બીજા પક્ષવાળાએ અમારી રાજીખુશીથી, અક્કલ હોંશીયારીથી, સાફ દિલથી, લખી આપ્યો છે, તે અમો બીજા પક્ષવાળા તથા અમો બીજા પક્ષવાળાના વંશ, વારસો સર્વેને કબુલ, મંજુર અને બંધનકર્તા છે. તેમજ સદર વેચાણ દસ્તાવેજ, લખી આપનાર તથા લખી લેનારની સુચનાથી તથા બન્નેવની સંમતીથી, લી. વડોદરા શહેર નોંધણી કચેરીના પરવાનાવાળા દસ્તાવેજ લખનાર – શ્રી યતિન આનંદલાલ શાહ, લા.નં. ૧૭/૯૩ રે. કલ્પના સોસાયટી, વાઘોડીયા રોડ, વડોદરા.

સહી　　　　　　　　　　શાખ

---------------------　　　　---------------------

<u>બીજા પક્ષવાળા/મીલકતના માલીક :-</u>
પાર્શ્વ ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢીના
વહીવટકર્તા ભાગીદાર　　　　---------------------

<u>(શ્રી સંદિપ બાલકૃષ્ણ કંસારા)</u>
<u>પહેલા પક્ષવાળા/લખી લેનાર :-</u>

(____________________)

For PARSHWA DEVELOPERS

Partner